Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT,
ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX,
NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ આઠમ શનિવાર ૨૩ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭૯ પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# વિશ્વના સૌથી ગરમ 100 શહેરોમાંથી 97 ભારતનાં!

**શુક્રવાર** બપોરની નોંધણીની આ યાદીમાં બાકીના ત્રણ શહેરો નેપાળના છે

**આ જ** દિવસની સવારની યાદીમાં વિશ્વના સૌથી ગરમ ૫૦ શહેરોમાંથી તમામ ભારતના

**આ સપ્તાહે** સખત ગરમી ચાલુ રહેવાની હવામાન ખાતાની આગાહી





**નવી દિલ્હી, તા. ૨૨:** વિશ્વના સૌથી ગરમ શહેરોની યાદીમાં ભારતના જ શહેરો સૌથી વધારે છે એમ હાલમાં કરાયેલા કેટલાક નિરીક્ષણો પરથી જાણવા મળ્યું છે. સવારના સમયે વિશ્વના 50 ગરમ શહેરોમાં તમામ ભારતના હતા તો બપોરે વિશ્વના 100 સૌથી ગરમ શહેરોમાંથી 97 ભારતના હતા.

શુક્રવારે બપોરે વિશ્વના ૧૦૦ સૌથી ગરમ શહેરોમાંથી ૯૭ શહેરો ભારતમાં હતા. એક આકરા હીટવેવે દેશના ઉત્તર, મધ્ય અને પૂર્વ ભાગોને પોતાની ઝપેટમાં લીધા છે, જેના કારણે બપોર સુધીમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસથી ઘણું ઉપર પહોંચી ગયું હતું. અને શુક્રવાર સવારની એક યાદી પ્રમાણે તો વિશ્વના સૌથી ગરમ એવા ટોચના ૫૦ શહેરોની યાદીમાં તમામેતમામ શહેરો ભારતના હતા. AQI.in ના જણાવ્યા અનુસાર, બપોરે ૨:૫૦ વાગ્યે (ભારતીય સમય મુજબ) વિશ્વના ટોચના ૧૦૦ સૌથી ગરમ શહેરોની યાદીમાં ભારતીય શહેરોનો ભારે દબદબો હતો, જેમાં ઓડિશાનું બલાંગીર ૪૮C તાપમાન સાથે સૌથી ગરમ સ્થળ તરીકે ઉભરી આવ્યું હતું. તેના પછી બિહારનું સાસારામ ૪૮C અને ઉત્તર પ્રદેશનું વારાણસી ૪૭C તાપમાન સાથે બીજા અને ત્રીજા ક્રમે હતા. કેટલાક શહેરોમાં ભેજનું પ્રમાણ ૬ થી ૮ ટકાની વચ્ચે રહ્યું હતું, જે સ્થિતિને અતિશય ગરમ શ્રેણીમાં મૂકે છે. ટોચના ૧૦૦ શહેરોની યાદીમાં માત્ર ત્રણ અપવાદો નેપાળના હતા - ધાનગઢી (૨૩મા ક્રમે), નેપાળગંજ (૩૪મા ક્રમે), અને લુમ્બિની સંસ્કૃતિક (૭૬મા ક્રમે) - જ્યાં તાપમાન ૪૫C થી ૪૬C વચ્ચે નોંધાયું હતું. નેપાળના આ ત્રણ શહેરો સિવાય યાદીનું દરેક અન્ય સ્થળ ભારતમાં હતું.

જ્યારે શુક્રવારે સવારે વિશ્વના તમામ 50 સૌથી ગરમ શહેરો ભારતમાં હતા. દેશના ઉત્તર, મધ્ય અને પૂર્વ ભાગોમાં ભીષણ હીટવેવનો પ્રકોપ જોવા મળ્યો હતો, જેના લીધે બપોર પહેલા જ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઘણું ઉપર પહોંચી ગયું હતું. એર ક્વોલિટી અને વેધર ટ્રેકર AQI.in ના જણાવ્યા અનુસાર, સવારે 10:50 વાગ્યે (IST) વિશ્વના ટોચના 50 સૌથી ગરમ શહેરોની યાદીમાં સંપૂર્ણપણે ભારતીય શહેરોનો જ દબદબો હતો, જેમાં ઓડિશાનું બલાંગીર 48C તાપમાન સાથે સૌથી ગરમ સ્થળ તરીકે સામે આવ્યું હતું. તેની પાછળ ચંદ્રપુર અને પ્રયાગરાજ 44C તાપમાન સાથે હતા, આ સાથે જ છત્તીસગઢ, બિહાર, તેલંગાણા, હરિયાણા અને મધ્ય પ્રદેશના પણ અનેક શહેરો આ યાદીમાં સામેલ હતા. આ રેન્કિંગે હાલમાં ચાલી રહેલા હીટવેવના વ્યાપનું એક ચોંકાવનારું ચિત્ર રજૂ કર્યું છે. આ યાદીમાં અડધાથી વધુ શહેરો માત્ર ઉત્તર પ્રદેશના જ હતા, જેમાં વારાણસી, બાંદા, બરેલી અને

...અનુસંધાન પાના 11 પર

### ઓડિશાનું બાલનગીર 48C સાથે સૌથી ગરમ સ્થળ

100 સૌથી ગરમ શહેરોની યાદીમાં ઓડિશાનું બાલનગીર 48C સાથે સૌથી ગરમ સ્થળ તરીકે ઉભરી આવ્યું હતું. ત્યારબાદ બિહારના સાસારામમાં ૪૮C અને ઉત્તર પ્રદેશના વારાણસીમાં ૪૭C તાપમાન નોંધાયું. ન્ય શહેરોમાં ઉત્તર પ્રદેશનું મુઝફ્ફરનગર ૪૬C સાથે ૨૬મા ક્રમે, ઉત્તર પ્રદેશનું અયોધ્યા ૪૬C સાથે ૩૨મા ક્રમે, પંજાબનું પટિયાલા ૪૬C સાથે ૪૨મા ક્રમે, તેલંગાણાનું વારંગલ ૪૬C સાથે ૫૫મા ક્રમે અને ઉત્તરાખંડનું હરિદ્વાર ૪૬C સાથે ૫૬મા ક્રમે છે.

### હાલ આટલી ગરમી કેમ?

ભારતીય ભૌગોલિક મેદાન વિસ્તાર (ઇન્ડો-ગેન્જેટિક પ્લેઇન્સ)ના મોટાભાગના વિસ્તારોમાં સતત ફૂંકાતા સૂકા ઉત્તર-પશ્ચિમી પવનો, સ્વચ્છ આકાશ અને ચોમાસા પહેલાના છાંટણાની રાહતમાં વિલંબને કારણે આ આત્યંતિક પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે એમ નિષ્ણાતો જણાવે છે.

## ગરમીથી ગુજરાત ધગધગ્યું, રાજકોટમાં સૌથી વધુ 43 ડિગ્રી

**રાજ્યમાં** આકરી ગરમી વચ્ચે દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલની શક્યતા

અમદાવાદ,તા.22 : ગુજરાતમાં ઉનાળાની ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી ઉપર નોંધાતા લોકોને અસહ્ય ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા 20 દિવસથી રાજ્યમાં 42થી 45 ડિગ્રી ગરમીના કારણે જનજીવનને અસર થવા પામી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું, જ્યાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

રાજ્યના અન્ય શહેરોમાં પણ ગરમીનો પ્રભાવ યથાવત રહ્યો હતો. અમરેલી અને સુરેન્દ્રનગરમાં 42 ડિગ્રી, અમદાવાદમાં 42 ડિગ્રી, ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર, ભૂજ, કંડલા એરપોર્ટ અને ડીસામાં 41 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. વડોદરા અને કંડલા પોર્ટમાં 40 ડિગ્રી, ભાવનગર અને કેશોદમાં 38 ડિગ્રી, દમણમાં 38 ડિગ્રી, સુરતમાં 36 ડિગ્રી, મહુવા અને નલિયામાં 35 ડિગ્રી જ્યારે પોરબંદરમાં 34 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે છેલ્લા 24 કલાક દરમિયાન સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો, જ્યારે કચ્છના ભાગોમાં તાપમાનમાં વધારો થયો હતો. કચ્છ તેમજ ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા વધુ નોંધાયું હતું. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર થવાની શક્યતા નથી. જોકે રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી દિવસોમાં પણ 40 ડિગ્રીથી વધુ તાપમાન નોંધાઈ શકે છે.અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે મુખ્યત્વે સ્વચ્છ આકાશ રહેવાની આગાહી વ્યક્ત કરી છે. શહેરમાં આવતીકાલે મહત્તમ તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા દર્શાવવામાં આવી છે. ગરમીના વધતા પ્રકોપને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે લોકોને બપોરના સમયે બહાર નીકળવાનું ટાળવા, પૂરતું પાણી પીવા અને આરોગ્યની ખાસ કાળજી રાખવા સૂચના આપી છે. બીજી તરફ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે ઝાપટાં પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. 23 મેના રોજ નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા અને નગર હવેલી ઉપરાંત અમરેલી, ગીર સોમનાથ અને દીવ જિલ્લામાં વરસાદી ઝાપટાં પડી શકે છે. જ્યારે 24 મેના રોજ નવસારી, વલસાડ, ડાંગ, તાપી, દમણ, દાદરા અને નગર હવેલી સાથે અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર અને દીવમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ પશ્ચિમ ચોમાસું અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના કેટલાક વિસ્તારોમાં આગળ વધી રહ્યું છે અને આગામી 2થી 3 દિવસમાં તેમાં વધુ પ્રગતિ માટે પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે.

## રિઝર્વ બેન્કે ભારત સરકારને વિક્રમી રૂ. 2.87 લાખ કરોડનું ડિવિડન્ડ ચુકવ્યું

**જો કે** સરકારની અપેક્ષા રૂ. ૩.૧૬ લાખ કરોડના ડિવિડન્ડની હતી

**ગત વર્ષે** આરબીઆઇએ રૂ. 2.69 લાખ કરોડ ડિવિડન્ડ પેટે ચુકવ્યા હતા

**નવી દિલ્હી, તા. 22:** ભારતીય રિઝર્વ બેન્કે ભારત સરકારને રૂ. 2.86 લાખ કરોડ રૂપિયા જેટલી રકમનું વિક્રમી ડિવિડન્ડ ટ્રાન્સફર કર્યું છે. જે ગત વર્ષની સરખામણીએ વધુ ડિવિડન્ડ ચુકવ્યું છે. ગત વર્ષે આરબીઆઈએ રૂ. ૨.૬૯ લાખ કરોડ ડિવિડન્ડને મંજુરી આપી હતી.

આરબીઆઈએ જણાવ્યું હતું કે, સેન્ટ્રલ બોર્ડે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કેન્દ્ર સરકારને ૨,૮૬,૫૮૮.૪૬ કરોડનું વધારાનું ભંડોળ(સરપ્લસ) ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી છે. નાણાકીય વર્ષ 2025ની સરખામણીમાં આરબીઆઈની કુલ આવકમાં 26.42 ટકાનો વધારો થયો છે, જ્યારે રિસ્ક પ્રોવિઝન પહેલાના ખર્ચમાં 27.6 ટકાનો વધારો થયો છે. રિઝર્વ બેંકે કહ્યું કે, 31 માર્ચ 2026 સુધી આરબીઆઈની બેલેન્સશીટ 20.61 ટકા વધીને 91,97,121.08 કરોડ રૂપિયા થઈ ગઈ છે. રિવાઈઝ્ડ ઈકોનોમિક કેપિટલ ફ્રેમવર્ક બેલેન્સશીટના કદના 4.5થી 7.5 ટકાની વચ્ચે આકસ્મિક જોખમ બફર જાળવવાની મંજૂરી આપે છે.

આરબીઆઈએ ગત વર્ષે કેન્દ્ર સરકારને 2.69 લાખ કરોડ રૂપિયાનું ડિવિડન્ડ ચૂકવ્યું હતું. આ ડિવિડન્ડ નાણાકીય વર્ષ 2024-25 માટે હતું. એક વર્ષ પહેલા કેન્દ્ર સરકારને કેન્દ્રીય બેંક તરફથી 2.11 લાખ કરોડ રૂપિયાનું ડિવિડન્ડ મળ્યું હતું.

જોકે આરબીઆઈએ આ વખતે સરકારને સૌથી વધુ ડિવિડન્ડ આપ્યું છે. પરંતુ, આ સરકારની અપેક્ષા કરતા ઓછું છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં રજૂ કરાયેલા બજેટમાં સરકારે આરબીઆઇ પાસેથી 3.16 લાખ કરોડ રૂપિયાના ડિવિડન્ડ અને સરપ્લસનો અંદાજ લગાવ્યો હતો. આરબીઆઇના સેન્ટ્રલ બોર્ડની 623મી બેઠકમાં કેન્દ્ર સરકારને ડિવિડન્ડના પ્રસ્તાવ પર નિર્ણય લેવામાં આવ્યો હતો.

## હાઈકોર્ટના ચુકાદા પછીના પ્રથમ શુક્રવારે ભોજશાલામાં મહા આરતી યોજાઇ





**કડક** સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સેંકડો હિન્દુઓએ મહા આરતીમાં ભાગ લીધો

**વિરોધ** નોંધાવવા મુસ્લિમોએ કાળી પટ્ટી પહેરીનો ઘરોમાં જ શુક્રવારની નમાઝ અદા કરી

**ધાર (મધ્ય પ્રદેશ), તા.૨૨ (PTI):** હાઈકોર્ટે ભોજશાલા સ્થળને મંદિર જાહેર કર્યાના બરાબર એક અઠવાડિયા પછી, શુક્રવારે મધ્ય પ્રદેશના ધારમાં આવેલા ભોજશાલા પરિસરમાં 'મહા આરતી' માટે સેંકડો હિન્દુ શ્રદ્ધાળુઓ એકઠા થયા હતા, જ્યારે બીજી તરફ મુસ્લિમ સમુદાયના સભ્યોએ વિરોધ પ્રદર્શિત કરવા માટે કાળી પટ્ટીઓ બાંધીને પોતાના ઘરોમાં નમાઝ અદા કરી હતી.

મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ૧૫ મેના રોજ ચુકાદો આપ્યો હતો કે વિવાદિત ભોજશાલા-કમાલ મૌલા મસ્જિદ પરિસર એ દેવી વાગ્દેવીને સમર્પિત મંદિર હતું અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના એ આદેશને રદ કરી દીધો હતો જે અંતર્ગત મુસ્લિમોને શુક્રવારે આ સ્થળે નમાઝ પઢવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ચુકાદા પહેલા, હિન્દુઓને માત્ર મંગળવારે જ આ મધ્યયુગીન સ્મારકમાં પૂજા કરવાની મંજૂરી હતી, જ્યારે મુસ્લિમો વર્ષોથી ત્યાં શુક્રવારની નમાઝ અદા કરતા હતા. બંને સમુદાયો આ સ્થળ પર પોતાનો હક હોવાનો દાવો કરે છે.

કોર્ટના ચુકાદા પછી આ શુક્રવાર પ્રથમ 'જુમ્મા' (શુક્રવારની વિશેષ સામૂહિક નમાઝનો દિવસ) હતો અને હિન્દુ સંગઠનોએ આ પૂજાના આયોજનને બે દાયકા કરતાં વધુ સમય ગાળામાં આ સ્થળ પર શુક્રવારે થયેલી પ્રથમ મોટા પાયાની પૂજા તરીકે ગણાવી હતી. કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ભોજ ઉત્સવ સમિતિ અને ભોજશાલા મુક્તિ યજ્ઞ સમિતિ દ્વારા પરિસરમાં ધાર્મિક કાર્યક્રમો, ભજન-કીર્તન અને 'મહા આરતી'નું આયોજન કરવામાં આવ્યું હતું.

ભોજશાલા મુક્તિ યજ્ઞ સમિતિના સંયોજક ગોપાલ શર્માએ જણાવ્યું હતું કે ધાર અને નજીકના વિસ્તારોના શ્રદ્ધાળુઓએ સમગ્ર દિવસ દરમિયાન ધાર્મિક વિધિઓ અને પ્રાર્થનાઓમાં શાંતિપૂર્ણ રીતે ભાગ લીધો હતો.

...અનુસંધાન પાના 11 પર

## CBSEના ત્રણ ભાષા ફરજિયાતના આદેશ સામે સુપ્રીમમાં આવતા સપ્તાહે સુનાવણી

**વિદ્યાર્થીઓ,** શિક્ષકો, વાલીઓએ સીબીએસઇની નવી નીતિને પડકારતી જાહેર હિતની અરજી કરી છે

**નવી દિલ્હી, તા. 22 (PTI):** સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે તે સીબીએસઈની નવી નીતિને પડકારતી અરજી પર આવતા અઠવાડિયે સુનાવણી કરશે, જે અંતર્ગત ૧ જુલાઈથી શરૂ થતા શૈક્ષણિક સત્રથી ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછી બે સ્થાનિક ભારતીય ભાષાઓ સહિત કુલ ત્રણ ભાષાઓનો અભ્યાસ ફરજિયાત બનાવવામાં આવ્યો છે.

વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ ચીફ જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી તથા જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેંચ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો.

રોહતગીએ જણાવ્યું હતું કે, આ એક તાકીદની જાહેર હિતની અરજી છે. અરજદારોમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સામેલ છે. તેઓ સીબીએસઈની નવી નીતિને પડકારી રહ્યા છે, જેના દ્વારા ૯મા ધોરણમાં વધુ બે ભાષાઓ ફરજિયાત કરવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતને આ બાબતને સોમવારે સુનાવણી માટે સૂચિબદ્ધ કરવા વિનંતી કરતા રોહતગીએ કહ્યું હતું કે, આનાથી અરાજકતા ઊભી થશે.

ચીફ જસ્ટિસે જણાવ્યું હતું કે આગામી અઠવાડિયું વિવિધ પરચુરણ બાબતોનું રહેશે અને આ મામલાને સૂચિબદ્ધ કરવામાં આવશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ, બોર્ડે ૧ જુલાઈથી શરૂ થતા ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછી બે સ્થાનિક ભારતીય ભાષાઓ સહિત ત્રણ ભાષાઓનો અભ્યાસ ફરજિયાત કર્યો છે. આ પગલું સીબીએસઈ દ્વારા તેના અભ્યાસક્રમની રૂપરેખાને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ અને સ્કૂલ એજ્યુકેશન માટેના નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક ૨૦૨૩ સાથે સુસંગત કરવાના ભાગરૂપે લેવામાં આવ્યું છે.

## દિલ્હી રમખાણના બે આરોપીઓને સુપ્રીમ કોર્ટે વચગાળાના જામીન આપ્યા

**મુખ્ય** આરોપીઓ ઉમર ખાલિદ અને શરજીલ ઇમામને જામીન નકારવાના અગાઉના ચુકાદાને વાજબી ઠેરવ્યો

**નવી દિલ્હી, તા. 22 (PTI):** સુપ્રીમ કોર્ટે શુક્રવારે દિલ્હી રમખાણોના બે આરોપીઓ અબ્દુલ સૈફી અને તસ્લીમને છ મહિનાના વચગાળાના જામીન મંજૂર કર્યા છે. આ સાથે જ કોર્ટે એ કાનૂની પ્રશ્નને મોટી બેંચ સમક્ષ મોકલી આપ્યો છે કે શું લાંબા સમય સુધી જેલવાસ અને ટ્રાયલમાં વિલંબ એ જામીન પરના વૈધાનિક નિયંત્રણો કરતા વધુ મહત્વપૂર્ણ હોઈ શકે કે નહીં. જ્યારે કે મુખ્ય આરોપીઓ ઉમર ખાલીદ અને શરજીલ ઈમામને જામીન નકારતા આ જ કોર્ટના અગાઉના ચુકાદાને વાજબી ઠેરવ્યો હતો.

જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ પી. બી. વરાળેની બેંચે જસ્ટિસ બી. વી. નાગરત્નાના નેતૃત્વ હેઠળની બેંચ દ્વારા તાજેતરમાં આપવામાં આવેલા ચુકાદા પર કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો, જેમાં કાર્યકર્તાઓ ઉમર ખાલિદ અને શારજીલ ઈમામને જામીન નકારતા ૫ જાન્યુઆરીના ચુકાદાની ટીકા કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે આ કાનૂની પ્રશ્નને મોટી બેંચ સમક્ષ મોકલવાની માંગ કરી હતી કે શું ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ (UAPA) જેવા આતંકવાદ વિરોધી કાયદાઓ હેઠળ, લાંબા સમય સુધી જેલવાસ અને ટ્રાયલમાં વિલંબ એ જામીન પરના વૈધાનિક પ્રતિબંધો કરતાં વધુ મહત્વ ધરાવી શકે છે.

બેંચે દિલ્હી રમખાણોના કેસમાં ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને જામીન નકારવાના નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યું કે, આ નિર્ણય આરોપી આધારિત મૂલ્યાંકન અને તેમના

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૨-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૧.૪° સે. | ૩૦.૦° સે. | ૨૬% |

## રાજ્યસભાની 26 બેઠકોની 18મીએ ચૂંટણી, NDA એક બેઠક ગુમાવી શકે

**તમિલનાડુમાં** અન્નાદ્રમુકની એક બેઠક હવે ટીવીકે પાસે જશે

**ખડગે,** દેવગોવડા, શક્તિસિંહ ગોહીલ સહિત ૨૬ સભ્યો નિવૃત થઇ રહ્યા છે

**નવી દિલ્હી, તા. 22 (PTI):** દેશભરના ૧૨ રાજ્યોની ૨૬ બેઠકો માટે યોજાનારી દ્વિવાર્ષિક ચૂંટણીમાં એનડીએ રાજ્યસભાની એક બેઠક ગુમાવે તેવી શક્યતા છે, જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષને ત્રણ બેઠકોનો ફાયદો થવાના સંકેત છે.

ચૂંટણી પંચે શુક્રવારે જાહેરાત કરી હતી કે પૂર્વ વડાપ્રધાન એચ. ડી. દેવગૌડા, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પક્ષના નેતા દિગ્વિજય સિંહ, તેમજ બે કેન્દ્રીય મંત્રીઓ રવનીત સિંહ અને જ્યોર્જ કુરિયન સહિતના વર્તમાન સાંસદોની

...અનુસંધાન પાના 11 પર

### રાજ્યસભાની 18મીની ચૂંટણીમાં ગુજરાતની 4 બેઠક પણ સામેલ

ગાંધીનગરઃ ગુજરાતની રાજ્યસભાની ચાર બેઠક માટે આવનાર 18મી જૂને ચૂંટણી યોજાશે. કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 1 જૂનના રોજ ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થશે. ચૂંટણી માટે સવારે 9 વાગ્યાથી બપોરે 4 વાગ્યા સુધી મતદાન થશે, જ્યારે ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 8મી જૂન નક્કી કરવામાં આવી છે. હાલની રાજકીય પરિસ્થિતિને જોતા ચારેય બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવે તેવી શક્યતા મજબૂત બની રહી છે. આગામી 21 જૂન, 2026ના રોજ ગુજરાતના ચાર રાજ્યસભા સભ્યોનો કાર્યકાળ પૂર્ણ થતો હોવાથી હવે નવી ચૂંટણી

...અનુસંધાન પાના 11 પર